વિચાર મંથન

નીલા સંઘવી
feedback.ladki@bombaysamachar.com

**જે દંપતીમાં વ્યાવહારિક આવડત અને સ્પેસને આનંદમાં પલટાવવાની આવડત-એ બે મહત્ત્વના ગુણ હોય તેઓ આ સગવડને મન ભરીને માણી શકે છે અને તૂટતા દામ્પત્ય બચાવી શકે છે**

# અલગ બેડરૂમ બચાવી શકશે લગ્નજીવન?

**વાસ્તવિકતાને** સ્વીકાર કરવો જ પડશે. આપણે એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં તંદુરસ્ત અને સુમેળભર્યું લગ્નજીવન એક સપનું બનીને રહી ગયું છે. ડિવોર્સનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે, પરંતુ ઘણી વાર લગ્નજીવન નિભાવી લેવામાં આવે છે, જેનાં અનેક કારણો હોય છે. એ કારણોની ચર્ચા આપણે અહીં નથી કરવાના. આજકાલ પતિપત્ની બંનેને પર્સનલ સ્પેસની જરૂર હોય છે. એક છત નીચે રહેતા લોકો અજનબી જેવા હોય છે. નસકોરાં બોલાવવા જેવી નગણ્ય બાબત છૂટાછેડાનું કારણ બની શકે છે. નાની નાની વાતો અલગ બેડરૂમનો એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે. તમને શું લાગે છે અલગ બેડરૂમનો કન્સેપ્ટ લગ્નજીવનને બચાવી શકશે? આવો, આ વિષયમાં થોડો વિચારવિમર્શ કરીએ.



અલગ બેડરૂમ શા માટે? ઘણા લોકો એવું માને છે કે પતિપત્નીના જુદા શયનખંડ હોય એ બહુ જ સારી બાબત છે અને એમાં કશું જ ખોટું નથી. દંપતી વચ્ચે સુમેળભર્યો સંબંધ હોવ છતાં બેડરૂમ જુદા હોઈ શકે છે. જે દંપતીમાં વ્યાવહારિક આવડત અને સ્પેસને આનંદમાં પલટાવવાની આવડત એ બે મહત્ત્વના ગુણ હોય તેઓ આ સગવડને મન ભરીને માણી શકે છે અને તૂટતાં દામ્પત્યને બચાવી શકે છે.

એક વાર અમારે એક મિત્રદંપતીના ઘેર જવાનું બન્યું. સરસ કપલ છે. પ્રેમાળ અને સુખી. તેમના ઘરે ગયાં ત્યારે વાતવાતમાં ખબર પડી કે હવે બંનેના બેડરૂમ અલગ અલગ છે. અમને તો આઘાત લાગી ગયો. શું તેમના દાંપત્યજીવનમાં તિરાડ પડી છે? અમને વિચારમાં પડી ગયેલા જોઈને અમારી શંકાનો છેદ ઉડાડતાં મિત્ર બોલ્યા, 'અમે જુદાં જુદાં છતાં સાથે છીએ. પહેલાં અમારા વૉર્ડરોબ્સ અલગ થયાં, પછી બાથરૂમ્સ અને હવે બેડરૂમ. ધીરે ધીરે મારી પત્ની વધુ ને વધુ સમય બીજા રૂમમાં ગાળવા લાગી. મને પણ એનાથી શાંતિ અને સગવડ લાગી. આપણી ઉંમર જેમ વધે એમ આપણને વધુ ને વધુ સમય આપણી જાત સાથે ગાળવાનું મન થાય છે. એવું નથી કે અમારી વચ્ચે કોઈ તકરાર છે. ઈનફેક્ટ, આ તો દૂર રહેવાથી પ્યાર વધે એવું બની રહ્યું છે. મને તો લાગે છે કે જો વધુ લોકો આ ટ્રેન્ડને અનુસરે તો છૂટાછેડાનું પ્રમાણ ઘણું ઘટી જાય. મારા નવા ઘરમાં બે માસ્ટર બેડરૂમ છે અને બંને બેડરૂમ વચ્ચે દરવાજો છે જેને ચાહો ત્યારે ખોલી શકો અને ચાહો ત્યારે બંધ કરી શકો છો. મારા મંતવ્ય પ્રમાણે તો પતિપત્નીના અલગ રૂમ બહુ જ જરૂરી છે?

અમેરિકાના નેશનલ અસોસિયેશન ઓફ હોમ બિલ્ડર્સના એક સર્વેક્ષણમાં એવી આગાહી કરવામાં આવી છે કે ૨૦૧૫ સુધીમાં ૬૦ ટકાથી વધારે ઘરોમાં બે માસ્ટર બેડરૂમ હશે. જોકે મુંબઈ જેવા મહાનગરની વાત કરીએ તો પતિપત્નીના અલગ બેડરૂમની લક્ઝરી તો અતિ ધનવાન લોકો જ માણી શકે. અહીં તો પુત્રનાં લગ્ન થતાં માતાપિતા ડ્રોઈંગરૂમમાં આવી જાય છે ત્યાં પતિપત્નીના અલગ બેડરૂમનો તો વિચાર પણ ક્યાંથી થઈ શકે? છતાં જેમના માટે આ શક્ય છે તેમના માટે આ બેસ્ટ ઓપ્શન છે.

લગ્નજીવન શરૂ થયાનાં થોડા જ સમયમાં સમજોને કે હનીમૂન પર જઈને આવ્યા બાદ પતિપત્ની વચ્ચે નાની નાની બાબતોમાં કચકચ શરૂ થઈ જાય છે, જેમ કે ટૂથપેસ્ટની કેપ બંધ નથી કરી, ધૂમ્રપાન કરીને એશ ટ્રે ગમે ત્યાં મૂકી દે છે એટલે રાખ ગમે ત્યાં ઊડે છે, પાન કે ગુટકા ખાઈને વોશબેસિનમાં થૂંકીને લાલ ડાઘા પાડી દે છે તેને પછી કેટલુંય સાફ કરવા છતાં જતા નથી, ટી.વી.ના રિમોટ માટે ઝઘડા, પતિને મેચ જોવી છે અને પત્નીને સાસ-બહૂની સિરિયલ જોવી છે, પતિ જોરદાર નસકોરાં બોલાવે છે વગેરે.



અમારી એક પાડોશણના પતિ એટલાં જોરદાર નસકોરાં બોલાવે છે કે પત્નીને ઊંઘ આવવી મુશ્કેલ થઈ જાય છે. એ ઉપરાંત તેમની પથારીમાં આળોટવાની ટેવ છે. એટલું બધું આળોટે છે કે પત્નીને સૂવા માટે જગ્યા જ રહેતી નથી. આવી મુશ્કેલીઓ તે બહેને વર્ષો સુધી સહન કરી. પછી બાળકો મોટાં થયાં અને અલગ રહેવા ગયા બાદ ખાલી થયેલા બેડરૂમમાં તેઓ શિફ્ટ થઈ ગયાં. હવે તેઓ સવારે ઊઠે છે ત્યારે ફ્રેશ અને ખુશ હોય છે. બધાની સૂવાની આદતો જુદી જુદી હોય છે, જેને કારણે બાજુમાં સૂતેલી વ્યક્તિને તકલીફ પડે છે. તો પછી તમારા બેટરહાફ સામે કડવાશભર્યો કે ફરિયાદી સૂર આલાપવાને બદલે સવાર સવારમાં ખુશનુમા તાજોમાજો ચહેરો બતાવવાનો ઓપ્શન વધારે સારો છે કે નહીં? પતિપત્નીના અલગ બેડરૂમનો કન્સેપ્ટ ઘણા લોકોને પસંદ નથી. તેઓ માને છે કે પતિપત્ની વચ્ચે ગમે તેટલા મતભેદ હોય પણ બેડરૂમમાં પ્રવેશતી વખતે એને બેડરૂમની બહાર રાખી દેવા જોઈએ. જોકે આજના જમાનાના લોકોને આ વાત કદાચ ઑલ્ડ-ફેશન્ડ લાગશે. તેઓ માને છે કે જ્યારે દંપતી શયનખંડમાં હોય ત્યારે તેમની વચ્ચે તાણમુક્ત, પ્રેમાળ સંવાદ સધાવો જોઈએ. આજની મોડર્ન મેરેજ થિયરીઝ અને ઈન્ડિવિડ્યુઅલ સ્પેસની વાતનો છેદ ઉડાડતાં આ લોકો કહે છે કે પ્રેમ જ મુખ્ય બાબત છે જે દંપતીના સંબંધને હર્યોભર્યો રાખે છે.

સેપરેટ બેડરૂમ એ લગ્નજીવન બચાવવાના અંતિમ ઉપાય તરીકે ઠીક છે. જ્યારે જીવનમાં એવો તબક્કો આવે કે પરસ્પરની સામે જોવું મુશ્કેલ બની જાય, એકમેક સાથે વાત કરવી મુશ્કેલ બની જાય, એકમેકને વડચકાં ભરવાનું શરૂ થઈ જાય છતાંયે છૂટાછેડા ન લેવા હોય-સામાજિક કારણોસર કે પછી બાળકોના ભવિષ્ય ખાતર-ત્યારે જુદા બેડરૂમનો પ્રયોગ કરવાથી લગ્નજીવન નિભાવી શકાય છે અને કદાચ વધારે સમય સુધી આવી રીતે અલગ રહેવાથી એકમેક પ્રત્યેનો રોષ ઓગળી જવાનો ચાન્સ પણ ઉપસ્થિત થઈ શકે છે.

છેલ્લે છેલ્લે... શું લગ્ન પાર્ટીમાં હાથમાં હાથ ભરાવીને ઝૂમવા માટે થાય છે કે પછી રાતના કોઈની સંગત માણવા માટે? લગ્નજીવન વિષે આપણાં શાસ્ત્રોમાં ઘણી વાતો કરી છે, ઘણા નિયમો બનાવ્યા છે, પતિપત્નીની ફરજો વિષે વાત થઈ છે, પણ આજના મોડર્ન યુગમાં ઘણું બધું બદલાઈ ગયું છે. પહેલાં પતિપત્નીને અલાયદો બેડરૂમ મળે તે માટે દંપતી તરસતું. આજે મજિયારા બેડરૂમમાંથી અલગ બેડરૂમ માટે દંપતીનો પ્રયાસ હોય છે. આ બાબતમાં કમેન્ટ કરતાં હ્યુમર રાઈટર બચી કરકરિયાએ કહ્યું હતું, 'સેપરેટ બેડરૂમને ભૂલી જાઓ, સેપરેટ ફ્લેટ કેમ રહેશે?' ■